જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૦૬/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૦૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૧ કેસ કરી, ૮૯ વ્યક્તિઓને ઝડપી, ૧૪૫ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૦,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૦૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૯૦૪/૨૦૨૩

**બોડકદેવઃ** દીપીકાબહેન વા/ઓ પુર્વેશભાઇ ડગલી (રહે.સાગર સંગીત હોમ્સ નીઓન સ્પોર્ટ્સ એકેડમી પાસે સાયન્સ સીટી રોડ સોલા) એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી તા.૦૪/૦૬/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાન તેમજ પાડોશીના મકાનનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના દાગીના, આઇપેડ, ટેબલેટ, આઇફોન-૭ મોબાઇલ તથા એસર લેપટોપ અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી રૂપિયા ૧,૫૧,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એલ.ઉપાધ્યાય ચલાવે છે.

**વેજલપુરઃ** સુલેમાન શબ્બીરહસન કુરેશી (રહે. તાનઝીલ ડુપ્લેક્ષ ઇબ્રાહીમ મસ્જીદ પાસે કેનાલ પાછળ ફતેવાડી) એ તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૬/૨૦૨૩ કલાક ૩/૦૦ થી કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને મોબાઈલ ફોન મળી કિમત રૂપિયા ૧,૦૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૦૫/૨૦૨૩</u>**

**વટવાઃ** જીગ્નેશભાઇ દેવેન્દ્રભાઇ શાહ (રહે. વિમલનાથ સોસયટી જેઠાભાઇ પાર્ક નારાયણનગર રોડ પાલડી) એ તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વટવા પ્લેટીનમ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક શેડ નંબર-૧૨૦/૧૨૧ ખાતે જીગ્નેશભાઈ શાહના ગોડાઉનમાં મેનેજર તરીકે કામ કરતા આરોપી (૧) દિગ્વિજયસિંહ ભાટી તથા કારીગર (૨) દેવ રાજુભાઇ તડવી એ ભેગા મળી તા.૨૭/૦૫/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન ગોડાઉન માંથી "LAMINETED ALLUMINIUM FOIL NATURAL 4 PLY" ના પ્લાસ્ટીક રોલ નંગ-૯ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૦૬/૨૦૨૩</u>**

**મણીનગરઃ** પ્રજ્ઞાબહેન વા/ઓ ચંદ્રેશભાઇ પંડ્યા (ઉ.વ.૪૧) (રહે. ક્રિષ્ણા બંગલોઝ ધ્વની એપાર્ટમેન્ટ પાછળ ઇસનપુર) તા.૦૪/૦૬/૨૦૨૩ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે મણીનગર હિરાભાઇ ટાવર ચાર રસ્તા ફસ્ટ સ્ટેપ સ્કુલ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ પ્રજ્ઞાબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૧૦,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ પ્રજ્ઞાબહેન પંડ્યાએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૦૭/૨૦૨૩</u>**

**"એમ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રાજેશ મણીલાલ સોલંકી (ઉ.વ.૩૮) (રહે.રેવાભાઈની ચાલી કેન્સર હોસ્પીટલ સામે પ્રવિણનગર વાસણા) તા.૦૩/૦૬/૨૦૨૩ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે સરખેજ થી વિશાલા તરફ જતાં જુહાપુરા મૉર્ડન સ્કુલ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષા ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા રાજેશ સોલંકીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રાજેશ સોલંકીના ભાઈ ગૌતમ સોલંકી એ "એમ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.કટારીયા પોલીસ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૦૮/૨૦૨૩</u>**

**ઈસનપુરઃ** જીતેશભાઈ નરસિંહભાઈ રેવર (ઉ.વ.૪૦) (રહે. તપોભુમી સોસાયટી વિભાગ-૨ મહાવિર સ્કુલ પાછળ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૬/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.તેલે ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી